**ધોરણ 8 સામાજિક વિજ્ઞાન**

**તારીખ : 02-10-2021** ch 16

**સમય : 0 મિનિટ** 8th s.s **કુલ ગુણ : 27**

*** નીચેના વિધાનોમાં યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.** **[5]**

1. આપણા દેશની સંસદમાં ............ ગૃહ છે.

   **જવાબ :** બે

2. આપણા દેશનો સમગ્ર વહીવટ ......... ના નામે ચાલે છે.

   **જવાબ :** રાષ્ટ્રપ્રમુખ

3. આપણા દેશની લોકસભામાં કુલ ........... સભ્યો છે.

   **જવાબ :** 545

4. ભારતની સંસદના ઉપલા ગૃહને ......... કહેવાય છે.

   **જવાબ :** રાજ્ય સભા

5. આપણા બંધારણીય વડા ......... છે.

   **જવાબ :** રાષ્ટ્રપ્રમુખ

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[3]**

6. આપણાં દેશની સંસદ ક્યાં આવેલી છે?

   **જવાબ :** આપણાં દેશની સંસદ દિલ્લીમાં આવેલી છે.

7. સંસદસભ્ય બનવા માટે કેટલા વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી છે?

   **જવાબ :** સંસદ સભ્ય બનવા માટે ઓછામાં ઓછી 25 વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી છે.

8. રાજ્યસભાના સભ્યની મુદત કેટલી હોય છે?

   **જવાબ :** 6 વર્ષ

*** નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** **[9]**

9. ટૂંકનોંધ લખો: પ્રધાનમંત્રીના કાર્યો

   **જવાબ :**

   (1) પ્રધાનમંત્રી જુદા - જુદા ખાતાઓની ફાળવણી, તેની કામગીરીનું સંકલન અને દેખરેખ રાખે છે. નિતિ વિષયક નિર્ણયો લે છે.
   (2) મંત્રીમંડળના સભ્યોની નિમણૂક પ્રધાનમંત્રીની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.
   (3) મંત્રીને મંત્રીમંડળમાં લેવો કે ચાલુ રાખવો તે નિર્ણય પ્રધાનમંત્રી દ્વારા લેવાય છે.
   (4) મંત્રીમંડળની બેઠકોનું અધ્યક્ષ પદ પ્રધાનમંત્રી સંભાળે
   (5) મંત્રીઓની ગતિ વિધિઓને નિયંત્રીત અને નિર્દેશિત કરે છે. જરૂર પડે ત્યારે માર્ગદર્શન આપે છે.
   (6) ચૂંટાયેલા સભ્યો સરકારને જે પ્રશ્નો કરે છે. તેના જવાબ આપવા માટે પ્રધાનમંત્રી અને કારોબારી બંધારણીય રીતે જવાબદાર છે.

10. ટૂંકનોંધ લખો:સંસદ

    **જવાબ :**

    - ભારત દેશનું સંચાલન સંસદ દ્વારા થાય છે. ભારતે સંસદીય લોકશાહીનું સ્વરૂપ સ્વીકાર્યું છે. ભારતમાં સંસદએ સર્વોચ્ચ સંસ્થા છે. ભારતનું સંસદ દિલ્હીમાં છે તે રાષ્ટ્રપતિ અને બે ગૃહોનું બનેલું છે.
    - સંસદના બંને ગૃહોના સભ્યોને સંસદસભ્ય કે M.P તરીકે ઓળખવામાં આવે છે.
    - સંસદની જરૂરિયાતો :ભારત દેશ અનેક વિવિધતા ધરાવે છે. તેથી દેશનું સંચાલન અને વ્યવસ્થાપન જાળવવાનું કાર્ય સંસદે કરવાનું હોય છે.
    - બંધારણમાં દર્શાવેલ માર્ગદર્શન મુજબ સંસદ કામ કરે છે. વિવિધ સમિતિઓ દ્વારા તે દેશના વિકાસ સાથે સ્થિર પ્રગતિ માટે કાર્યો કરે છે. સંસદનું ઉપલું ગૃહ રાજસભા છે.
    - જેમાં, 238 સભ્યો વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ હોય છે. જે અપ્રત્યક્ષ મતદાનથી ચૂંટાય છે.
    - રાષ્ટ્રપતિ દ્વારા વિવિધ ક્ષેત્રોના 12 સભ્યોની નિમણૂક થાય છે. આમ રાજ્યસભામાં કુલ 250 સભ્યો હોય છે.
    - જ્યારે, સંસદના નિચલા ગૃહ લોકસભામાં 543 સભ્યો રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે. 2 સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.
    - આમ કુલ લોકસભામાં 545 સભ્યો છે. લોકસભાનું સુચારુ સંચાલન કરવા માટે સ્પીકર નીમાય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- લોકસભામાં શાસક જૂથમાંથી અને રાજ્યસભામાં ઉપરાષ્ટ્રપતિ સ્પીકર તરીકે સેવા આપે છે.
- દેશમાં સંસદ વર્તમાન કાયદામાં સુધારા કરવાનું નવા કાયદા ઘડવાનું અને જૂના કાયદાઓને રદ કરવાનું મહત્વનું કાર્ય કરે છે.
- સંસદ બજેટના માધ્યમથી કારોબારી તંત્ર દ્વારા કરવામાં આવતા ખર્ચ પર નિયંત્રણ રાખે છે.
- સંસદમાં સરકારની નીતિઓની થતી ચર્ચા પરથી સરકાર પોતાની ભૂલો તથા ખામીઓ પ્રત્યે સભાન રહે છે અને સમગ્ર રાષ્ટ્ર સરકારી નીતિઓથી માહિતગાર રહી શકે છે.

11. ટૂંકનોંધ લખો: કાયદો અને તેનું મહત્ત્વ

**જવાબ :**

- કાયદો ઘડવા પાછળનો મુખ્ય ઉપદેશ સમાજમાં સામૂહિક તેમજ વ્યક્તિગત સ્વતંત્રતા જળવાઈ રહે તે જોવાનું છે.
- આપણા દેશમાં કાયદો "સૌ સમાન સૌને સન્માન" નિતિને આધારે કાર્ય કરે છે. સમાજમાં શાંતિ, સલામતિ, અને ભયમૂક્ત વાતાવરણ કાયદા દ્વારા સ્થાપી શકાય છે.
- વિવિધતામાં જોવા મળતી એકતા કાયદા પર આધાર રાખે છે.
- લોક વ્યવસ્થા તેમજ સૂચારુતંત્ર માટે કાયદો જરૂરી છે. ભારતમાં બંધારણના મૂલ્યોને નજર સામે રાખીને કાયદા તૈયાર કરવામાં આવ્યા છે.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[10]**

12. વિચારો અને લખો :તમારા વિસ્તારના કયા કયા પ્રશ્નો અંગે તમે જાણો છો?

**જવાબ :** ( 1 ) હું ગ્રામ્ય વિસ્તારમાં રહું છું. મારા ગામના દરેક વિસ્તારમાં પાકા રસ્તા બન્યા નથી. ( 2 ) મારા ગામમાં હજુ ગટરવ્યવસ્થા થઈ નથી. તેથી દરેક મહોલ્લામાં ગંદુ પાણી જોવા મળે છે. (3) ચોમાસામાં નીચાણવાળા ભાગોમાં ખાબોચિયાં ભરાય છે. પરિણામે મચ્છરોનો ત્રાસ વધતાં લોકો મલેરિયા જેવા રોગના ભોગ બને છે. (4) ઉનાળા દરમિયાન દિવસે કેટલાક કલાક વીજળી હોતી નથી. ( 5 ) ગામમાં માત્ર પાંચ ધોરણ સુધીના વર્ગોવાળી પ્રાથમિક શાળા છે. શિક્ષણ માટે સારી વ્યવસ્થા કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે. ( 6 ) ગામમાં નાનું આરોગ્ય કેન્દ્ર છે. તેમાં તાત્કાલિક સારવારની કોઈ સગવડ નથી. (7) ખેડૂતોને ખેતરમાં સિંચાઈ માટે દિવસે વીજળી મળતી નથી. આમ, મારા ગામમાં અનેક પ્રશ્નો છે. (1) હું શહેરી વિસ્તારમાં રહું છું. મારા શહેરમાં નવા પાકા રસ્તા બનતા નથી. રસ્તાઓ જર્જરિત બન્યા છે. ( 2 ) સાંકડા રસ્તાઓને લીધે સવાર-સાંજ કેટલાક સમય સુધી ટ્રાફિકની સમસ્યા ભોગવવી પડે છે. (૩) શહેરના છેવાડાના વિસ્તારમાં ગટરો ગંદા પાણીથી ઊભરાતી હોય છે. ( 4 ) શહેરમાં નર્મદા યોજનાનું પાણી હજુ બધા વિસ્તારોનાં ઘરોમાં પહોંચ્યું નથી. ( 5 ) ચોમાસામાંમચ્છરોનો ત્રાસ ભોગવવો પડે છે; લોકો મલેરિયા, સ્વાઈન ફ્લૂ જેવા રોગોથી પીડાય છે.

13. વિચારો અને લખો : જો તમે પ્રધાનમંત્રી બનો તો દેશને ગૌરવ અપાવવા કેવાં કાર્યો કરશો?

**જવાબ :** પ્રધાનમંત્રી બનીશ તો નીચેનાં કામ કરીને દેશને ગૌરવ અપાવીશ: ( 1 ) સૌપ્રથમ દેશની આંતરિક અને આંતરરાષ્ટ્રીય નીતિ મજબૂત બનાવીશ. ( 2 ) દેશની ખેતી અને ગ્રામોદ્યોગના વિકાસને પ્રાથમિકતા આપીશ. ખેડૂતો વર્ષમાં ત્રણ પાકો લેતા થાય એ માટે સિંચાઈ અને વીજળીની સગવડો વધારીશ. ખેડૂતોને સારાં બિયારણો, ખાતરો, જંતુનાશક દવાઓ તેમજ ખેતીનાં સાધનો અને વીજળી વાજબી ભાવે મળે એવી વ્યવસ્થા કરીશ. ગ્રામોદ્યોગના વિકાસ માટે વિવિધ સગવડો ઊભી કરીશ અને તેમને અપાતી સબસિડીનું પ્રમાણ વધારીશ. (3) હું દરેક ગામમાં વીજળી, આરોગ્ય, પ્રાથમિક શિક્ષત્ર, પીવાનું સ્વચ્છ પાણી વગેરેની સુવિધાઓ મળી રહે એવી વ્યવસ્થા ગોઠવીશ. (4 ) દેશમાંથી ભ્રષ્ટાચાર અને લાંચરુશ્વત નાબૂદ થાય તે માટે હું ખાસ કાયદા બનાવીશ અને તેનું સખ્તાઈથી પાલન કરીશ. ( 5 ) દેશના દરેક વિસ્તારમાં ગરીબ અને પછાત વર્ગના લોકોને બારેમાસ રોજીરોટી મળી રહે તેવી યોજના બનાવીશ. (6) હું દેશમાંથી બેકારી અને નિરક્ષરતા નાબૂદ થાય તેવા પ્રયત્નો કરીશ. (7) હું દેશની પ્રજાને વાવાઝોડું, અતિવૃષ્ટિ, દુકાળ, ધરતીકંપ વગેરે કુદરતી આપત્તિઓ વખતે પૂરતી સહાય મળી રહે એવો પ્રયત્ન કરીશ. ( 8 ) મારા મંત્રીઓ પાસેથી પ્રજાના પ્રશ્નો ઉકેલવાની અને મુશ્કેલીઓ નિવારવાની ખાતરી મેળવીશ અને મંત્રીઓએ આપેલી ખાતરીઓ મુજબ કામો થયાં છે કે નહિ તેનું હું ધ્યાન રાખીશ.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in